શ્રીનાથજીના મંદીરનાં

ભાવનાનાં ધોલ.



રચનાર—ફુલગરીયા બાલકૃષ્ણજી.

પ્રગટ કર્તા—વૈષ્ણવ

(નગરઠઠ્ઠાનિવાસી ગોવર્ધનદાસ વલ્લભદાસ,–કરાચી.)

મૂલ્ય બદલ

જયશ્રીકૃષ્ણ.

શ્રીનાથજી સત્ય છે.

૧ શ્રીનાથ નગ્ર રળીઆમણોરે, ગૌલોક નિજ ધામ,
દર્શન આપે શ્રીનાથજી, હાંરે પુરે વૈષ્ણવનાં કામ;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૨ શ્રી વલ્લભ કુલ સેવા કરેરે, પ્રેમ પ્રીત છે અપાર,
શ્રી મહાપ્રભુજીના લાડલા, હાંરે ભક્ત હેત અવતાર;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૩ નિજ મંદીર શાજ્જા મંદીર છે રે, મણી કોઠામાં તરંગ,
કીરતનીઆ કીરતન કરે, હાંરે વાગે ઝાંઝ ને મૃદંગ;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૪ બેઠી છે વૈષ્ણવ મંડલીરે, ફ્ડી કોઠામાંથી આય,
ઝાપટીઆ ઝાપટ દહે, હાંરે પાપ સર્વે કટજાય;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૫ ડોલ તીબારીએ કંદરારે, પાસ દેલી છે ગોલ,
ધ્રુવ બારી સનમુખ બની, હાંરે પ્રભુ ઝુલે ત્યાં ડોલ;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૬ રતન ચોકમાં ચાલીએ રે, હાથ તાલાંને લગાય,
હથીઆં પોલ હાથી ધુમતા, હાંરે લ્યો ચરણામૃત જાય;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૭ કમળ ચોકમાં બેસીએરે, નીત વાગે ત્યાં બીન,
રૂપી બ્રાહ્મણ માળા જપે, હાંરે બની તીવારી નવીન;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૮ કુબેરની પોલી ખરી રે, ત્યાં થાય સમાધાન,
હરીવલ્લભ શેવા લીએ, હાંરે રાજી થાય તે પ્રમાન;
શ્રીનાથ નગ્ર રળીયામણો રે.

૯ કીરતનીયાં ગલી જોઇએ રે, પાસ ચોક છે અનાર,
ખાસાં ભંડાર બીજો ખાંડ ઘર, હાંરે પાસ પ્રસાદી ભંડાર;
શ્રીનાથ નગ્ર રળીયામણો રે.

૧૦ પીંજરાંપર, તીવારી થઇ રે, સીખે લાખીયાં બધાં નેગ,
એક બીજો સમાધાન છે, હાંરે ભરે ગોલક ત્યાં વેગ;
શ્રીનાથ નગ્ર રળીયામણો રે.

૧૧ સંવત ૧૯૬૯ તણાં રે, બની તીવારી થઇ સીધ,
લીખીયા દરોગા બેશે દોઇ, હાંરે જ્યાં આવે નવનીધ;
શ્રીનાથ નગ્ર રળીયામણો રે.

૧૨ પેંડા બાંધે છે ચર્ણામૃતના રે, છોટા કંડીયા ભરાય,
પ્રસાદી તુલસી મલે, હાંરે તેને સેવકી અપાય;
શ્રીનાથ નગ્ર રળીયામણો રે.

૧૩ શાક ઘર તો સમુદ્ર છે, મહિમા વરની ન જાય,
નીજ વૈષ્ણવ સેવા કરે, હાંરે આનંદ ઉર ન સમાય;
શ્રીનાથ નગ્ર રળીયામણો રે.

૧૪ સુદર્શન ચક્ર બીરાજે છે રે. થાપ્યાં સિંહ વેદ ચાર,
સાતે ધ્વજા ફરાવતાં, હાંરે કલશ પૂજનો છે સાર;
શ્રીનાથ નગ્ર રળીયામણો રે.

૧૫ મીસરી ઘર ઔર દુધ ઘર રે. વાંટે છાંછ ત્યાં નીત,
ફુલઘર પાનઘર કુંજ છે. હાંરે મગન સેવામાં ચીત;
શ્રીનાથ નગ્ર રળીયામણો રે.

૧૬ ફુલઘર તો ઉંચો ઘણો રે, પાસ અગાશી અનેક,
માલાં બોલે ત્યાં ઉતાવલી, હાંરે બીજ ઘર છે વીશેષ;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૧૭ પાતર ઘરનો ચોક છે રે, સીધા ઘરમાં સામાન,
જમનાં જલની છે કોઠડી, હાંરે ત્યાં રહે જળપાન;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૧૮ જલગરીઆ ગાગર ભરે રે, ભરે કોઠી ને તલાવ,
મુખ્ય સેવા જલપાનની, હાંરે જાણે વૈષ્ણવ જે ભાવ;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૧૯ પરચાગરની કોઠડીરે, સેવા તુલસીની થાય,
શીતલ સામગ્રી બને, હાંરે પ્રભુ ઝારી ભરે આય;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૨૦ છોટી કોઠડી છડી ધારનીરે, છડી જામો ત્યાં રેહવાય,
કડાં દોરાં ને મોતી ચોકરાં, હાંરે ભોગ સમે પેરાય;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૨૧ નીજ પોરી નીજ જાનીએરે, નીત રસોઇ ત્યાં થાય,
છત્રીશો બીંજન બને, હાંરે ભોગ શ્રીજીને સજાય;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૨૨ બાલભોગમાં થાય છે રે, નાના ભાત પકવાન,
આગે તીવારી ગોપી ગ્વાલની, હાંરે વસ્ત્ર ઘર છે નીધાન;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૨૩ સંધાનો ઘર ઊંડો ઘણોરે, ઉપર પાટીઓ છે ઠેઠ,
આગે રસોઇ અનકુટની, હાંરે કાઢે અતર ને ફુલેલ;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૨૪ આડી ગલીમાં પંખા ખીચેરે, રેશમ દોરી લઇ હાથ,
ગેનાં ઘર ગુલજાર છે, હાંરે અસંખ્યાત જવેરાત;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૨૫ સજ્જા મંદીર નવો બન્યોરે, કુલ કાચનો થયો કામ,
પાસ કોઠો રમણીક છે, હાંરે ત્યાં રમે ઘનશ્યામ;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૨૬ ગંગા જમનાં ઔર સરસ્વતીરે, ત્રીવેણીનો સમાજ,
પ્રભુ પાસે નીશદીન વહે, હાંરે નીરખ સિદ્ધ ભયો કાજ;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૨૭ જમુના પટરાણી શ્યામા શ્યામનીરે, પાસ ફુવારાનો ઠાઠ,
આપ આજ્ઞા અનુસાર છે, હાંરે ચીત્ર વીચીત્ર છે ઘાટ;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૨૮ નવી તીવારી નવનીતનીરે, બની થઇ છે તેયાર,
પાસ બગીચો શ્રીનાથનો હાંરે કમલ ફુલમાં ફુલ વાર;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૨૯ દર્શન કર નવનીતનાંરે, મન બઢયો છે હુલાસ,
કૃષ્ણ ભંડાર ઔર શ્રીસભા, હાંરે કૃષ્ણ દાસનો નિવાસ;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૩૦ બેઠક બગીચો ઔર વાવડીરે, હવા મ્હેલ મોતી મ્હેલ,
કમલ મ્હેલ ઉદ્યાન છે, હાંરે વાડી મ્હેલ ખુશ મ્હેલ;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૩૧ દોઢીપે દો દરવાન છે રે, જુનો જમાનો છે આદ,
નવો જમાનો રમણીક છે, હાંરે હવે થયો છે આબાદ;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૩૨ નીત વાંચે છે ત્યાં વારતારે, વૈષ્ણવ સુણે છે ત્યાં આય,
સુબોધની સુધા પાન છે, હાંરે પીતાં મન ના ધરાય;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૩૩ પરછનો પ્રાચીન છે, વ્રજવાસીનો મુકામ,
દરજી ઘર વસ્ત્ર બને, લીખે બગશી બધાં નામ;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૩૪ શાગ ભંડાર ચાલો જોઇયેરે, ત્યાં આવે ફુલફુલ,
શામગ્રીના કંડીયા ખુલે, હાંરે લીખે લીખીયાં મામુલ;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૩૫ ચોક ગોવરધન હદ બન્યોરે, ત્યાં ગોવરધન પુજાય,
ગાયો ખેલે નાનાં ભાતની, દરશન નવનીતનાં થાય;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૩૬ નગાર ખાનાં નીત બજેરે, બજે શેનાઇ એક સંગ,
ઉચ્છવ બધાઇ નોબત બજે, હાંરે શુંને ભેરવી તરંગ;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૩૭ સુરજ પોલ સિંહ પોલ છેરે, નવધા ભક્તિ અનુકુલ,
ધોરી પટીયાં સુહાવની, હાંરે માલન વેચે ત્યાં ફુલ;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૩૮ મુકુંદરાએ શ્રી ગોકલનાથજીરે, દોઇ મંદીર આસપાસ,
ત્યાં બીરાજે મથુરેશજી, હાંરે સામે શ્રીજીનો ખરાસ;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૩૯ બેઠક બની છે મદુલાલનીરે, પાસ નીચે મકાન,
સુખીયા બીતરયા ન્હાય ત્યાં હાંરે પાસ જલઘરો છે જાણ;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૪૦ પ્રીતમપોળી રસોઇ બનીરે, ત્યાં વટે મહાપ્રસાદ,
સાહ સેવકનો નેમ છે, હાંરે વડા મેંદ મરજાદ;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૪૧ ખર્ચ ભંડાર મંદીર બાર છે રે, ત્યાં ઘી ઘર અનુપ,
ચરણ ચોકી શ્રીનાથનીરે, ઘનસ્યામ સ્વરૂપ;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૪૨ શ્રીજી દુવાર શ્રીનાથનોરે, ચારોં ઓર છે પહાડ;
અજબ કુંવરના કારણે, હાંરે શ્રીજી આવ્યા છે સીહાડ;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૪૩ શ્રી ગુરૂ ગોવરધન ધરન છે રે, સુત દામોદરલાલ,
દેહ સ્વરૂપ શોભા ઘણી, હાંરે પ્રભુ પરમ દયાલ;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

૪૪ બાલકૃષ્ણ વીનતી કરેરે, આ નીકુંજનો છે ધોલ,
આખાં મંદીરની છે ભાવના, હાંરે ભાવ ભકતી છે અમોલ,
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

શ્રીનાથ નગ્ર રળીયામણોરે, ગૌલોક નિજ ધામ,
દરશન આપે શ્રીનાથજી, હાંરે પુરે વૈષ્ણવનાં કામ;
શ્રીનાથ નગ્ર રળીયામણોરે.

સંવત ૧૯૭૬ જેઠ.

સમાપ્ત.

"મનોહર" પ્રેસમાં નરભેશંકર જગજીવન દવેએ છાપ્યાં,
બંદર રોડ,—કરાચી.